શ્રી એમ.આર.ડી.આટૅસ એન્ડ
શ્રી ઈ.ઈ.એલ.કે.કોમસૅ.કોલેજ.ચીખલી.

કુ.મયુરી બી હળપતિ

"મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહા

પેપર-૧૦

સેમ-૪

# આખ્યાન સાહિત્ય સ્વરૂપની વિકાસરેખા:

## પ્રસ્તાવના:

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું  સઘળું સાહિત્ય ધર્મ પ્રધાન
છે.ફાગુ, બારમાસી,પદ, પ્રભાતિયાં,ગરબી,પદ્યવાર્તા, આખ્યાન
વગેરે મધ્યકાલીન પદ્ય સાહિત્ય ભક્તિ પ્રધાન છે.અને ધર્મ
પ્રધાન છે.આ સાહિત્ય સ્વરૂપોમાં આખ્યાન વિશિષ્ટ સાહિત્ય
સ્વરૂપ છે.આખ્યાનનો વિકાસ ચૌદમી અને પંદરમી

# ભાલણ:

આપણો પ્રથમ આખ્યાનકાર તો ભાલણ જ છે.સંસ્કૃતના વિદ્દ્વાન
પંડિત એવા ભાલણે આખ્યાનનો બંધ બાધી આપ્યો.આખ્યાનનમા
'પદબંધ' અને 'કડવાબંધ' બંને પદ્ધતિઓ પ્રયોજી છે.તેમણે 'શિવ ભિલડી સંવાદ','સપ્તસતિ','જાલંધર આખ્યાન','મૃગી આખ્યાન','
'દશમસ્કંધ','નળાખ્યાન','રામવિવાહ',કૃષ્ણવિષ્ટિ' વગેરે આખ્યાનો
રચ્યાં છે.આખ્યાનને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું છે.મુખબંધ, ઢાળ
અને વલણ એવા નામો આપી કડવાના આદિ મધ્ય અને

# નાકર:

વડોદરાવાસી નાકર ભાલણ પછીના બીજા નોંધપાત્ર કવિ છે.

તેમણે મિત્ર મધુસૂદન માટે આખ્યાન રચ્યા છે.તેમણે મહાભારત

રામાયણ અને જૈન કૃતિઓ પરથી આખ્યાન કૃતિઓ આપી છે.

તેમણે રામાયણ અને મહાભારતને ગુજરાતીમાં અવતારવાનુ

પુણ્યકાર્ય કર્યું છે.'ગદાપર્વ', આરણ્યક પર્વ',વિરાટપર્વ', ધ્રુવાખ્યાન' વગેરેની રચનાઓ કરી છે. તેમની ભાષા સરળ છે.

# •કીકુ વસહી:

• દક્ષિણ ગુજરાતના ગણદેવીના વતની, પિતા નરહરિ માતા ગોદાવરીના પુત્ર કીકુ વસહી નામના કવિ સોળમાં શતકમા થઈ ગયાનું મનાય છે. ભાગવતના ‘દશમસ્કંધ’ અને ‘અંગદવિષ્ટિ’ નામનાં વીરરસથી ભરપૂર એવા બે કાવ્યો તેમની પાસેથી આખ્યાન સ્વરૂપે મળે છે.

# •કવિ વજિયો:

- રામકથાને કેન્દ્રમાં રાખીને લખાયેલી આખ્યાન કૃતિઓ ‘સીતાવેલ’,રણજંગ’ અને’ સીતાસંદેશ’ કવિ વજિયો આપે છે.નાકર પછીનાં આખ્યાનકારોમા આગવું સ્થાન ધરાવે છે.

સરળ કલ્પના અભિવ્યક્તિ, જીવંત પાત્ર સૃષ્ટિ ધ્યાન ખેચે તેવી છે,

મજબૂત વસ્તુ સંકલના,ચિત્રાત્મક વર્ણનકલા ધ્યાન ખેંચે છે.પ્રેમાનંદના

‘રણયજ્ઞ’ કૃતિ પર વજિયાની ‘રણજંગ’ કૃતિના પ્રભાવની પૂરેપૂરી

# વિષ્ણુદાસ:

આખ્યાન પ્રવાહમા નાકર પછી નોંધપાત્ર કવિ વિષ્ણુદાસનુ નામ જાણીતું છે ઈ.સ.૧૫૬૮થી ઈ.સ.૧૬૧૨ના ગાળામાં વિષ્ણુદાસે

પંદર પર્વના અને રામાયણનાં છ કાંડનુ સારાનુવાદ કર્યા છે.',સુધન્વાખ્યાન', 'ચંદ્રાહાસાખ્યાન' જેવાં પૌરાણિક કથાવસ્તુ

-વાળા આખ્યાનો આપ્યાં છે. નરસિંહ મહેતાના જીવનપ્રસંગ પર

આધારિત 'મોસાળ' અને 'હૂંડી'ની રચના કરી છે

# •કવિ મેગલ:

- ઈ.સ.૧૭૮૧મા ‘ધ્રુવાખ્યાન’ અને ‘નચિકેતાખ્યાન’ જેવી બે આખ્યાન રચનાઓ આપનાર કવિ મેગલની અન્ય બે આખ્યાન કૃતિઓ ‘જાલંધર આખ્યાન અને’રાજા પરીક્ષિતનુ આખ્યાન’

પાછળથી પ્રાપ્ત થાય છે.પ્રયત્નના બળે ચારેક સામાન્ય કક્ષાની

આખ્યાન કૃતિઓ તેમણે આપી છે.

# •વિશ્વનાથ જાની:

- પાટણના રહીશ કવિ વિશ્વનાથ જાનીનો સમય સત્તરમાં સૌકાનો મનાય છે.ભાલણ પછી પોતાની ભાષાને ‘ગુર્જર ભાષા’ ઓળખાવતા

કવિએ નરસિંહ મહેતાના જીવનપ્રસંગ પર આધારિત રચનાઓ આપી

છે.’મોસાળાચરિત્ર’કે’મામેરુ’,સગાળચરિત્ર’ અને ‘ચાતુરી ચાલીસી’

જેવી સશક્ત રચનાઓને કારણે ગણનાપાત્ર કવિ ઠરે છે.’પ્રેમપચીસી’

# •પ્રેમાનંદ:

•પ્રમાનંદે આખ્યાન સ્વરૂપને ગુજરાતીમાં ખિલવ્યુ એમના પછી કોઈને આખ્યાન સ્વરૂપમાં એમના જેટલી સફળતા મળી નથી.૨૫ જેટલી તેમની કૃતિઓમાથી ૨૧ જેટલી પ્રગટ થઈ છે. 'મામેરું', 'શ્રાદ્ધ', અને' હૂંડી' જેવા આખ્યાનો આપીને આખ્યાનોનુ સ્વરૂપ વ્યવસ્થિત રીતે આપ્યું છે.

# •ઉપસંહાર:

- આમ મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ ભાલણ,નાકરે શરુ કર્યું.અને વ્યવસ્થિત સ્વરૂપ પ્રેમાનંદે આપ્યું, પ્રેમાનંદે સર્વોચ્ચ સિદ્ધિ હાસલ કરી છે.પ્રેમાનંદ પછી આખ્યાનકલાના વળતા પાણી જોવા મળે છે.પ્રેમાનંદમા આખ્યાનકળાની બધી જ ખૂબીઓ છે. પ્રેમાનંદ કથનકળાનો બેતાજ બાદશાહ છે.ભાષાપ્રભુત્વ અને

આભાર